Capital World (Gujarati) Pg 5, 13th July 2022

# બિટકોઈને વીસ હજાર ડોલરની સપાટી ગુમાવી

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૩.૫૨ ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૧૨**

વૈશ્વિક ધોરણે નકારાત્મક માહોલની વચ્ચે ક્રિપ્ટોકરન્સી બજારમાં પણ મંદી રહી હતી. બિટકોઈને ૨૦,૦૦૦ ડૉલરની મહત્વની સપાટી ગુમાવી છે. પરિણામે રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખોરવાયુ છે.

જોકે, એકંદર ક્રિપ્ટો બજારમાં ઘટાડાની સરખામણીએ બિટકોઈનમાં ઘટાડો હજી પણ મર્યાદિત હતો. કારણ કે ક્રિપ્ટો બજારની બીજી સૌથી મોટી કરન્સી ઈથેરિયમ છેલ્લા ૨૪ કલાકમાં ૬.૨૪ ટકા જેટલી ઘટી ગઈ



છે અને ચિંતા છે કે તે એક બજાર ડૉલરની સપાટી ગુમાવી શકે છે. જોકે, ઘટાડાના બજારમાં પણ બાઈનાન્સ યુએસડી આંશિક ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૫૨ ટકા (૯૫૬.૪૫ પોઈન્ટ) ઘટીને ૨૬,૨૭૯.૧૨ પોઈન્ટ બંધ રહ્યો હતો.